**ગાથા :-**

**जीवाऽजीवा पुण्णं, पावाऽऽसव संवरो य निज्जरणा ।**
**बन्धो मुक्खो य तहा, नवतत्ता हुंति नायव्वा ।।१।।**

**ગાથાર્થ :-**

**જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ નવતત્ત્વો જાણવા યોગ્ય છે. ।।૧।।**

✦ 'य', 'य' અને 'तहा' च કારના અર્થમાં છે. તેથી નવે તત્ત્વોનો સમુચ્ચય કરવા માટે તેનો પ્રયોગ છે.

**ભાવાર્થ :-**

આ નવે તત્ત્વો જ્ઞાનનો વિષય છે, તેથી જ્ઞેય છે; અને આ નવે તત્ત્વોનું જ્ઞાન જીવને ઇષ્ટ એવી પૂર્ણ સુખમય અવસ્થાનું કારણ છે, તેથી પરમાર્થ છે; અને તેમાં જીવ, અજીવ આદિ તત્ત્વો મોક્ષ માટે ઉપયોગી છે તે આ પ્રમાણે –

**(૧) જીવતત્ત્વ અને (૨) અજીવતત્ત્વના જ્ઞાનની ઉપયોગિતા : અભ્યુદય માટે અને મોક્ષ માટે :-**

જીવ દેહથી અને કર્મથી જુદો છે, શાશ્વત છે અને ચાર ગતિમાં પરિભ્રમણ કરનાર છે, તેવું જ્ઞાન થવાથી સંસારથી છૂટવાની ઇચ્છા થાય છે. તેથી વૈરાગ્ય પેદા કરવા દ્વારા જીવનું જ્ઞાન મોક્ષપ્રાપ્તિમાં ઉપયોગી છે. વળી, ગાથા-૪માં જીવના ચૌદ ભેદો બતાવાશે. એ ભેદમાં સંસારી જીવ વર્તે છે, તેવું જ્ઞાન થવાથી અને જીવના ભેદ-પ્રભેદનું જ્ઞાન થવાથી ષટ્કાયના પાલનમાં સમ્યગ્ યત્ન થઈ શકે છે. તેથી મોક્ષપ્રાપ્તિ માટે જીવતત્ત્વનું જ્ઞાન ઉપયોગી છે.

વળી, અજીવતત્ત્વનું જ્ઞાન અજીવથી જીવ જુદો છે, તેનો બોધ કરવા માટે આવશ્યક છે. અજીવથી જુદા જીવનો બોધ થાય તો આત્મહિત સાધવા માટે યત્ન થઈ શકે. માટે અજીવતત્ત્વનું જ્ઞાન પણ મોક્ષપ્રાપ્તિ માટે ઉપયોગી છે.

વળી, જીવ-અજીવ તત્ત્વના જ્ઞાન દ્વારા આ જગતની વ્યવસ્થાનું સમ્યગ્ સમાલોચન થઈ શકે છે, જેનાથી ધર્મધ્યાન આદિમાં યત્ન થઈ શકે છે અને સંસારના સ્વરૂપનું ચિંતવન થઈ શકે છે. તે રીતે પણ જીવ-અજીવ તત્ત્વનું જ્ઞાન મોક્ષપ્રાપ્તિ માટે ઉપયોગી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૩) પુણ્યતત્ત્વ અને (૪) પાપતત્ત્વના જ્ઞાનની ઉપયોગિતા : સાક્ષાત્ અભ્યુદય માટે અને પરંપરાએ મોક્ષ માટે :–

અભ્યુદય એટલે જીવનો ઉત્કર્ષ, અને ઉત્કર્ષની પરાકાષ્ઠા એટલે મોક્ષ. પુણ્યતત્ત્વનું જ્ઞાન ઉપાદેયરૂપે અભ્યુદય માટે ઉપયોગી છે, અને પાપતત્ત્વનું જ્ઞાન હેયરૂપે અભ્યુદય માટે ઉપયોગી છે. પુણ્યથી જીવને સુમાનુષત્વ અને સુદેવત્વની પ્રાપ્તિ થાય છે, જે ઉત્તરોત્તર અભ્યુદયની પ્રાપ્તિ દ્વારા કેવળજ્ઞાનની પ્રાપ્તિનું કારણ બને છે.

પુણ્ય અને પાપ એ જીવની સાથે બંધાયેલ કર્મની એક અવસ્થા છે. વળી વસ્ત્રને ગ્રહણ કરવા માટે જે રીતે સાક્ષાત્ યત્ન થાય છે તે રીતે પુણ્યને આત્મા સાથે યોજન કરવા માટે સાક્ષાત્ યત્ન થતો નથી, અને મલિન વસ્ત્રના પરિહાર માટે જે રીતે સાક્ષાત્ યત્ન થાય છે તે રીતે આત્મા ઉપર લાગેલા પાપના પરિહાર માટે સાક્ષાત્ યત્ન થતો નથી; પરંતુ પુણ્યના કારણીભૂત શુભ આશ્રવ છે અને પાપના કારણીભૂત અશુભ આશ્રવ છે. શુભઆશ્રવ અને અશુભઆશ્રવ જીવના પરિણામરૂપ છે, તેથી તેમાં યત્ન થઈ શકે છે. માટે જે જીવોને પુણ્યના ફળનું જ્ઞાન છે અને પાપના ફળનું જ્ઞાન છે અને તેના કારણે પુણ્યના અર્થી છે અને પાપના પરિહારના અર્થી છે, તેવા જીવો પુણ્યના કારણીભૂત શુભઆશ્રવનું અને પાપના કારણીભૂત અશુભઆશ્રવનું સ્વરૂપ શાસ્ત્રથી સમ્યગ્ જાણે, અને શાસ્ત્રોથી થયેલા બોધ અનુસાર સમ્યગ્ યત્ન કરે તો શુભાશ્રવમાં યત્ન થઈ શકે છે અને અશુભઆશ્રવના પરિહારમાં યત્ન થઈ શકે છે. શુભઆશ્રવમાં કરાયેલા યત્નથી પુણ્યબંધ થાય છે અને પૂર્વમાં બંધાયેલ પાપ ક્ષીણ થાય છે, અને અશુભઆશ્રવના પરિહાર માટે કરાયેલ યત્નથી નવું પાપ અટકે છે, જેથી જીવમાં પુણ્યબંધનો સંચય થાય છે, જેના ફળરૂપે સુદેવત્વ અને સુમાનુષત્વ પ્રાપ્ત કરીને યોગમાર્ગની અધિક અધિક શક્તિનો સંચય કરે છે, અને જેમ જેમ આત્મામાં અધિક અધિક યોગમાર્ગ સ્થિર થાય છે, તેમ તેમ મોક્ષપ્રાપ્તિ નજીક બને છે. આમ યોગમાર્ગના સેવનથી સંચિત શક્તિવાળા જીવો બને ત્યારે સર્વથા બંધના પરિહાર માટે યત્ન કરીને સંવરભાવને પામે છે, અને સંવરભાવથી જેમ બંધનો પરિહાર થાય છે તેમ સત્તામાં રહેલ કર્મની નિર્જરા પણ થાય છે,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org